# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ;
# મઢી.

## તા. બારડોલી, જી. સુરત.
## રજીસ્ટ્રેશન નંબર : સે–૯ તા. ૩૧ મી માર્ચ ૧૯૬૪

સર્વેડત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ ॥




# ૫૨ મો
## વાર્ષિક અહેવાલ અને હિસાબ

વર્ષ : ૨૦૧૬–૨૦૧૭
તા. ૧–૪–૨૦૧૬ થી તા. ૩૧–૩–૨૦૧૭ સુધી
(ઓડિટ વર્ગ–અ) ૨૦૧૬–૧૭

| સમીરભાઇ સી. ભકત<br>પ્રમુખ | કેતનકુમાર જે. પટેલ<br>ઉપ–પ્રમુખ | આર. કે. વર્મા<br>મેનેજીંગ ડીરેકટર |
| --- | --- | --- |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## વ્યવસ્થાપક કમિટિ સને : ૨૦૧૭-૨૦૧૮

| અ.નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી સમીરભાઈ છીતારામભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી કેતનકુમાર જશુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | કાંટીફળિયા |
| ૪ | શ્રી અલ્પેશકુમાર મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ |
| ૫ | શ્રી યતિનકુમાર પરસોત્તમભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | માણેકપોર |
| ૬ | શ્રી જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | બામણી |
| ૭ | શ્રી અતુલભાઈ બાબુભાઈ નાયક | કમિટિ સભ્યશ્રી | ઓંડચ |
| ૮ | શ્રી મહેન્દ્રસિંહ હિંમતસિંહ મહિડા | કમિટિ સભ્યશ્રી | તરસાડા બાર |
| ૯ | શ્રી નટવરભાઈ લલ્લુભાઈ ભકત | કમિટિ સભ્યશ્રી | ઘાટા |
| ૧૦ | શ્રી અરૂણભાઈ રતીલાલ પટેલ | કમિટિ સભ્યશ્રી | નગોડ |
| ૧૧ | શ્રી હિતેશભાઈ રમેશભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ગોડધા |
| ૧૨ | શ્રી સંદિપકુમાર રમેશચંદ્ર શર્મા | કમિટિ સભ્યશ્રી | ઉશ્કેર-રામકુંડ |
| ૧૩ | શ્રી કિરીટકુમાર રત્નસિંહ વસાવા | કમિટિ સભ્યશ્રી | ગુંદીયા-રાજ |
| ૧૪ | શ્રી હરીશભાઈ લાલસીંગભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | બેડકુવા-નજીક |
| ૧૫ | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | વેડછી |
| ૧૬ | શ્રી ચંદ્રિકાબેન ભગુભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | નાનીચેર |
| ૧૭ | શ્રી સુમિત્રાબેન દલપતભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | સુરાલી |
| ૧૮ | શ્રી ગણેશભાઈ જયસિંહભાઈ ચૌધરી<br>મધ્યસ્થ નાંણા ધીરનાર બેન્કનાં પ્રતિનિધિ | બેંકના પ્રતિનિધિશ્રી | આંબીયા |
| ૧૯ | મેનેજીંગ ડીરેકટર<br>ગુજરાત રાજય સ. ખાંડ ઉદ્યોગ સંઘ ગાંધીનગરનાં પ્રતિનિધિ. | કમિટિ સભ્યશ્રી | ગાંધીનગર |
| ૨૦ | શ્રી આર.કે.વર્મા | મેનેજીંગ ડીરેકટરશ્રી | મઢી |

## એકઝીકયુટીવ કમિટિ સને : ૨૦૧૬-૨૦૧૭

| અ.નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી સમીરભાઈ છીતારામભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી કેતનકુમાર જશુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | બામણી |
| ૪ | શ્રી હરીશભાઈ લાલસીંગભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | બેડકુવા-નજીક |
| ૫ | શ્રી ખાંડનિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર | રજીસ્ટ્રારશ્રી ના પ્રતિનિધિશ્રી | ગાંધીનગર |
| ૬ | શ્રી ગણેશભાઈ જયસિંહભાઈ ચૌધરી | બેંકના પ્રતિનિધિશ્રી | આંબીયા |
| ૭ | શ્રી આર. કે. વર્મા | મેનેજીંગ ડીરેકટરશ્રી | મઢી |

## આમંત્રિત સભ્યશ્રી

| અ.નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી અલ્પેશકુમાર મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ |
| ૨ | શ્રી હિતેશભાઈ રમેશભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ગોડધા |

# નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલની સંસ્થાની સૌજન્ય મુલાકાત








# સંસ્થાની બોઈલર પ્રદિપન વિધિ અને બોઈલર મોડિફિકેશન પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે







# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ. મઢી.
## તા. બારડોલી, જી. સુરત

### : સૂચના :

આથી સદરહુ મંડળીના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, આ સંસ્થાની **બાવનમી (૫૨) વાર્ષિક સાધારણ સભા** તા. ૨૭–૧૦–૨૦૧૭ ને શુક્રવાર ના રોજ સવારે ૧૦–૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં સ્થળે મળશે, તો સદર સભામાં અહેવાલ સાથે હાજર રહેવા વિનંતી છે.

### : સભામાં નીચેનાં કામો રજુ થશે :

૧. ગત વર્ષ તા. ૧૦–૧૧–૨૦૧૬ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. સંસ્થાના સને ૨૦૧૬–૨૦૧૭ (તા. ૧–૪–૨૦૧૬ થી તા. ૩૧–૩–૨૦૧૭) ના વર્ષનો અહેવાલ તથા વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ હિસાબ તથા સરવૈયું આ સાથે સામેલ છે, તે મંજુર કરવા બાબત.

૩. સને : ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષની વૈદ્યાનિક ઓડિટરશ્રીની ઓડિટ નોટની દુરસ્તી જે વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ છે. તેને વાંચનમાં લઈ નોંધ લેવા બાબત.

૪. સંસ્થાની વ્યવસ્થાપક કમિટિએ વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે વૈદ્યાનિક ઓડિટરશ્રીની કરેલ નિમણૂંકને બહાલ રાખવા બાબત.

૫. પેટા–નિયમ–૪ મુજબ બોર્ડ ઓફ ડિરેકટર્સને સંસ્થાના કામ માટે જરૂરી કરજ ઉભું કરવા તેમજ તમામ કામકાજોના અધિકાર આપવા બાબત.

૬. પ્રમુખસ્થાનેથી રજુ થાય તે કામો.

લિ.

**(આર. કે. વર્મા)**
મેનેજીંગ ડીરેકટર
બોર્ડ ઓફ ડીરેકટર્સનાં આદેશથી.

મઢી – ૩૯૪ ૩૪૦
તા. ૭–૧૦–૨૦૧૭

તા.ક. :–

૧. સભાસદોને હિસાબી કામકાજ અંગેની બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાનાં સાત દિવસ અગાઉ ઓફિસ સમય દરમ્યાન જ આવી સમજી જવા વિનંતી.

૨. સભામાં સંસ્થાનાં સભાસદોને જ સભાનાં સ્થળે **ઓળખપત્ર જોઈને પ્રવેશ આપવામાં આવશે**, જેથી દરેક સભાસદ ભાઈ–બહેનોએ ઓળખપત્ર સાથે લાવવા વિનંતી.

૩. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા અર્ધા કલાક બાદ મળશે, જેને કોરમનો બાધ લાગશે નહિ.

નોંધ :– મીટીંગનું કામ પૂર્ણ થયેથી પ્રિતી ભોજન સાથે લઈશું.

## –: પ્રમુખશ્રીનું નિવેદન :–

સુજ્ઞ સભાસદ ભાઈઓ તથા બહેનો,

આપણી સંસ્થાની પર(બાવનમી) વાર્ષિક સાધારણ સભાનાં અવસરે આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

**શ્રધ્ધાંજલી :–**

અહેવાલ વર્ષ દરમ્યાન સંસ્થાનાં સભાસદ–કામદાર પરિવારો પૈકી દેહાવસાન પામેલ ભાઈ–બહેનોનાં નિધનની સખેદ નોંધ લઉં છું, તેમનાં કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની તેમને પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

તામીલનાડુનાં મુખ્યમંત્રી જે.જયલલીતા, અર્જનસિંગ માર્શલ એરફોર્સ, ઉરી આંતકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતીય સેનાનાં જવાનો, અમરનાથ યાત્રીએ પર થયેલા આંતકવાદી હુમલામાં આપણા રાજયનાં અમરનાથ યાત્રીઓ, ઉત્તર ગુજરાતમાં આવેલ ભયાનક પુરમાં અવસાન પામેલ ભાઈઓ–બહેનો, તેમજ આપણી સંસ્થાનાં સભાસદ પરિવારો પૈકી અવસાન પામેલ નામી–અનામી વ્યકિતઓના દુઃખદ અવસાનની નોંધ લઈ સૌને શ્રધ્ધાંજલી અર્પુ છું.

.......ૐ શાંતિ....... .......ૐ શાંતિ....... .......ૐ શાંતિ.......

ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘનાં ઉપ–પ્રમુખશ્રી અને પંડવાઈ સુગરનાં પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલની ‘‘સહકાર મંત્રી’’ તરીકે નિમણૂંક કરવામાં આવી જે બદલ તેમને અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

**ખાંડ ઉદ્યોગ અને આપણી સંસ્થા અને વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા :–**

ભારત એક ખેતી પ્રધાન દેશ છે, કાપડ ઉદ્યોગ પછી ખાંડ ઉદ્યોગ એ બીજા ક્રમે આવતો મોટો ઉદ્યોગ છે. દેશનાં આર્થિક વિકાસમાં ખાંડ ઉદ્યોગ નોંધપાત્ર ફાળો આપે છે. એમા પણ ખેતી આધારીત ઉદ્યોગમાં આપણો ખાંડ ઉદ્યોગનો આર્થિકક્ષેત્રે ઘણો મોટો ફાળો છે, ખાંડનાં ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ભારત દેશે બીજા ક્રમે આવતા દેશ તરીકે નામના મેળવી છે, જે ખૂબ આનંદ–દાયક વાત છે, પરંતુ પ્રતિ એકર શેરડી ઉત્પાદનમાં આપણે પાંચમાં ક્રમે દુનિયાનાં ખાંડ ઉદ્યોગમાં આવીએ છીએ. જેથી ઉત્પાદન વધારવા આ ક્ષેત્રમાં આપણે કામ કરવું અત્યંત જરૂરી છે. વૈજ્ઞાનિક અભિગમ અપનાવી ખેતી કરવાથી આ પરિણામ મેળવી શકાય છે.

આ વર્ષનું ચોમાસું સામાન્ય હોવાનું અનુમાન થતા સારા પાકની ધારણા અને ખાંડનાં ઉત્પાદનમાં વધારો થવાની શકયતા રહેલ છે. બ્રાઝિલ પછી વિશ્વનાં બીજા ક્રમના સૌથી મોટા ઉત્પાદક ભારત દેશમાં ગત સીઝનમાં ખાંડનું ઉત્પાદન ૨૦૩ લાખ ટન થયુ હતુ જે ૨૦૦૯–૧૦ ની સીઝન બાદ સૌથી ઓછુ ઉત્પાદન છે. છેલ્લા દશકમાં શેરડીની એફ.આર.પી. ૮૦% વધી છે જ્યારે ખાંડનાં ભાવ માત્ર ૪૦% વધ્યા છે. ઈન્ડીયન સુગર મીલ્સ એસોશીએશનનાં પ્રેસીડેન્ટમાં જણાવ્યા મુજબ ખાંડનો ભાવ શેરડીનાં ભાવોની સાથે વધતા નથી. ૨૦૧૭–૧૮ ની સીઝનમાં ચોમાસુ સામાન્ય રહ્યું હોવાથી શેરડીનો વિપુલ પાક થશે, જેથી ખાંડનાં ભાવમાં ઘટાડો થવાની સંભવના રહેશે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળવા જોઈએ, પરંતુ રંગરાજન કમિટી ની ફોર્મ્યુલા અનુસાર શેરડીનાં ભાવ ખાંડનાં ભાવ સાથે જોડાયેલા હોવા જોઈએ. પરંતુ સરકારશ્રીની આયાત અને નિકાસની નીતી ઉપર બજારમાં ભાવોની વધઘટ આ વર્ષ જોવા મળી છે. જેની અસર શેરડીનાં ભાવો પર પણ દેખાય આવે છે.

આપણી સંસ્થા દ્વારા ઉત્તમ અને સારા પરિણામો મળી રહે તે માટે હું અને મારા સાથી ઉપ–પ્રમુખશ્રી તથા સાથી સદ્સ્યો સતત પ્રમાણિકપણે પ્રયાસ કરતા રહ્યા છીએ. આપણે સંસ્થામાં જયુસ એન્ડ સિરપ કલેરીફીકેશન સીસ્ટમ દ્વારા ખાંડની ગુણવત્તા વધારી અન્ય સુગર ફેકટરીઓની સમકક્ષ ખાંડનાં ભાવો મેળવવામાં મહદ્અંશે સફળ રહ્યા છીએ. ગત પિલાણ સીઝન દરમ્યાન આપણે સંસ્થામાં વપરાતા કેમીકલ્સનાં ખર્ચમાં ઘટાડો કરી શકયા છીએ.

ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા નાણાંકિય સહાય માટેનાં રાજ્ય સરકારશ્રીનાં પેકેજ હેઠળ આપણી સંસ્થા દ્વારા "બોઈલર મોડીફીકેશન પ્રોજેકટ" માટે રૂપિયા એક કરોડની સહાય રાજ્ય સરકારશ્રી તરફથી મેળવેલ છે. જે બદલ રાજ્ય સરકારશ્રીનો આભાર વ્યકત કરીએ છીએ.

**આપણી સંસ્થાની પીલાણ સીઝન–૨૦૧૬–૨૦૧૭ :–**

આપણી સંસ્થાની પિલાણ સીઝનની શરૂઆત તા. ૦૫–૧૧–૨૦૧૬ થી કરવામાં આવી હતી, સીઝન દરમ્યાન સંસ્થાએ ૭૬૫૭૦૧.૬૫૦ મે.ટન શેરડીનું પિલાણ કરી સરેરાશ રીકવરી : ૧૦.૬૧% સાથે ૮૧૪૪૬૪ કવીન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યુ હતું.

સંસ્થાએ તેની ક્ષમતા કરતા ૨૭% જેટલુ પિલાણ ઓછુ કર્યુ છે. જે અત્યાર સુધીનાં વર્ષોમાં ઓછામાં ઓછુ છે પરંતુ ઓછુ પિલાણને લઈને ઉત્પાદન ખર્ચ પ્રતિટને વધારે જોવા મળેલ છે. જે આર્થિક રીતે ખેડૂત માટે નુકશાનકારક છે. માટે આ દિશામાં વધુ ઉત્પાદાન અને રીકવરીવાળી જાતોનું રોપાણ સભાસદો કરે એ માટે અત્યારે દેશમાં સૌથી સારા પરિણામ આપતી જાતો પૈકી એક કો.૦૨૩૮ નું બિયારણ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરવાનાં પ્રયત્નો કર્યા છે. જેને મહત્તમ સભાસદો વાવેતર કરી સહકાર આપે એવી આશા રાખુ છું.

પિલાણ સીઝન–૨૦૧૭–૨૦૧૮ માટે રોપાણ એ. ૨૩,૧૫૨.૧૯ ગુંઠા અને લામ એ. ૯,૫૮૭.૩૫ ગુંઠા મળી કુલ એ. ૩૨,૭૩૯.૧૪ ગુંઠા માંથી શેરડીનો અંદાજીત પુરવઠો ૮,૨૫,૦૦૦ મે.ટન મળશે.

રીકવરી સારી મેળવવા માટે શેરડીની જાત, પાકની પરિપકવતા, માવજત, વરસાદ તેમજ જમીનની ગુણવત્તા અને અન્ય પરિબળો પર આધાર રાખે છે, અને સૌથી અગત્યનું પરિબળ બળેલી શેરડીનું પ્રમાણ વધુ પડતું હોવાથી એની સીધી અસર રીકવરી અને કાપણી પ્રોગ્રામો તેમજ ખાંડ ઉત્પાદન ખર્ચ પર પડે છે. જેથી શેરડી બળવાની બાબતમાં ખેડૂતોએ સજાગતા તેમજ જાગૃતિ રાખી શેરડી બળવાના પ્રમાણમાં ઘટાડો થાય એવા પ્રયત્નો સૌ ખેડૂતમિત્રો કરે એવી વિનંતી.

જે સભાસદ ખેડૂત મિત્રો દ્વારા શેરડીનું સૌથી વધુ ઉત્પાદન નવા રોપાણ અને લામમાં મેળવેલ છે, તેમને અભિનંદન આપું છું. આપણે સૌ ઉત્પાદક ખેડૂતો આવા લક્ષ્યાંકને હાંસલ કરવા કટિબધ્ધ બનીએ એવી અપેક્ષા રાખુ છું.

| અ. નં. | સભાસદનું નામ | ગામ | રોપાણ એ..ગુંઠા | ઉતાર ટનમાં પ્રતિ એકર | શેરડીની જાત |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નટુભાઈ પરભુભાઈ રબારી (નવુ રોપાણ) | માંડવી | ૨.૧૪ | ૭૩.૧૯૦ | ૮૬૦૦૨ |
| ૨ | શ્રી નટવરભાઈ દેવાભાઈ આહીર (લામ) | આંકળોદ | ૩.૦૦ | ૫૮.૯૯૦ | ૮૬૦૩૨ |

**આપણો ડીસ્ટીલરી વિભાગ :–**

અહેવાલનાં વર્ષ દરમ્યાન ૫૧,૪૧,૭૫૦ લીટર આર.એસ.નું ઉત્પાદન કર્યુ, જે માટે વર્ષ દરમ્યાન ૧૮,૩૫૬ મે.ટન મોલાસીસ વપરાયેલ છે, આમ આપણે પ્રતિ ટન મોલાસીસ દ્વારા ૨૮૦.૧૧ લીટર આર.એસ.મેળવી શકયા છીએ, જે પૈકી એબ્સ્યુલ્યુટ આલ્કોહોલનું ઉત્પાદન ૨૯,૮૦,૮૭૦ લીટર અને વેચાણ ૩૬,૩૬,૩૯૬ લીટર કરીને રાશ ભાવ રૂા. ૪૫.૪૧ પૈસા મેળવી શકયા છીએ. તેમજ આર.એસ. ૨૧,૫૬,૦૯૫ લીટર રૂા. ૩૯.૭૦ નાં ભાવે વેચાણ કરેલ છે. આમ આર.એસ. અને

એબ્સ્યુલ્યુટ આલ્કોહોલ બન્નેનો રાશભાવ રૂા. ૪૩.૨૯ મેળવી શકયા છે. તેમજ બાકી રહેતા મોલાસીસ ૧૮,૪૮૨.૬૬૦ મે.ટનનું વેચાણ કરેલ છે. જેનો રાશભાવ રૂા. ૫,૯૫૦.૬૨ ઉપજેલ છે.

અહેવાલનાં વર્ષ દરમ્યાન આપણે ૪૮,૭૩૩.૪૬૦ મે.ટન બગાસનું વેચાણ કરીને રાશ ભાવ રૂા. ૧,૯૮૦.૬૪ પ્રતિ ટને ઉપજયા છે. તેમજ ૨૫,૩૮૬.૬૨૦ મે.ટન બાયોકમ્પોષ્ટનું ઉત્પાદન કરીને રૂા. ૩૦૦/– ના ભાવથી વેચાણ કરેલ છે.

**આભાર સહ ઋણ સ્વીકાર :–**

કેન્દ્ર સરકારશ્રીનાં વિવિધ મંત્રાલયોનાં મત્રીએ તેમનાં વરિષ્ઠ અધિકારીશ્રીઓ, રાજ્ય સરકારશ્રીનાં વિવિધ મંત્રાલયોનાં મંત્રીશ્રીઓ, તેમનાં વરિષ્ઠ અધિકારીશ્રીઓ, રાજ્ય ખાંડ નિયામકશ્રી જેઓએ આપણને પ્રત્યક્ષ સહકાર આપ્યો એ બદલ તેમનો આભાર માનું છું.

નેશનલ ફેડરેશન કો.ઓપ.સુગર ફેકટરીઝ ન્યુદિલ્હી, તથા ગુજરાત રાજ્ય ખાંડ ઉદ્યોગ સંઘ લી., ગાંધીનગરનો સહકાર આપવા બદલ આભાર માનું છું.

શેરડી ઉગાડવામાં જીવંત રસ લઈ સંસ્થાને ઉચ્ચ ગુણવત્તાવાળી શેરડી પુરી પાડનાર ખેડૂત પરિવારોનો આભાર વ્યકત કરું છું.

સંસ્થાનાં નાણાંકિય વ્યવહારોની જરૂરીયાત પુરી પાડવા માટે ધી. સુરત ડી.કો.ઓપ. બેંક લી., સુરતનાં મેનેજીંગ ડીરેકટરશ્રી તરફથી ખૂબ જ સારો સહકાર મળ્યો છે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, એચ.ડી.એફ.સી.બેંક લી., આઈ.સી.આઈ.સી.આઈ.બેંક લી., ભરૂચ ડીસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લી., દેના બેંક, યશ બેંક લી., આર.બી.એલ બેંક લિ. નાં મેનેજરશ્રીઓ તરફથી જે સહકાર મળ્યો છે, તે બદલ એમનો આભાર માનું છું.

તેમજ સિંચાઈ, સહકાર, નાણાં, પર્યાવરણ તેમજ પ્રદુષણ, વન અને ઉદ્યોગ ખાતાનાં મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ, સહકાર કમિશ્નરશ્રી, ધી.ડાયરેકટર ઓફ સુગર, જોઈન્ટ રજીસ્ટારશ્રી(સુગર)જીલ્લા રજીસ્ટારશ્રી(સુગર), સરકારશ્રીનાં શ્રમ વિભાગનાં અધિકારીશ્રીઓ, તથા નશાબંધી તેમજ અન્ય ખાતાકીય અધિકારીશ્રીઓ, કલેકટરશ્રી સાહેબ સુરત. નાયબ કલેકટરશ્રી અને પ્રાંત અધિકારીશ્રી બારડોલી, મામલતદારશ્રી બારડોલી, પ્રમુખશ્રી, જીલા પંચાયત સુરત, તાલુકા પંચાયત બારડોલી, ગ્રામ પંચાયત મઢી અને સુરાલી તરફથી જે સાથ સહકાર મળ્યો છે, તે બદલ હાર્દિક આભાર માનું છું.

તેમજ આપણા સભાસદો દ્વારા ચલાવવામાં આવતાં શ્રી મઢી વિભાગ ખેડૂત સંગઠન મઢી દ્વારા શેરડીની વાહતુક વ્યવસ્થામાં જોડાયેલ ટ્રક ઓપરેટરશ્રીઓ અને ગ્રામ પ્રતિનિધિશ્રીઓ, તથા સર્વે સભાસદ પરિવારનો હું આભાર માનું છું. ખાસ શ્રી મઢી વિભાગ ખેડૂત સંગઠન મઢીમાં શેરડી કાપણી કરતા મજુર તેમજ સંસ્થાનાં પ્રગતિનાં પંથે જોનારા શુભચિંતકો તેમજ હિતેચ્છુઓના સહકાર બદલ વિશેષ આભાર માનું છું.

સંસ્થાનાં સંચાલક મંડળ પૈકી ઉપ–પ્રમુખશ્રી કેતનભાઈ પટેલ, તેમજ સંચાલક મંડળના સાથે સભ્યશ્રીઓનો અમુલ્ય સહકારી સંસ્થાનાં વિકાસ અને પ્રગતિ માટે મળ્યો છે, તેમજ સંસ્થાનાં મેનેજીંગ ડીરેકટરશ્રી આર.કે.વર્મા. તેમજ દરેક વિભાગીય વડાઓ, કામદાર–કર્મચારીભાઈઓ નિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાની ફરજ અદા કરી તે બદલ આભાર માનું છું.

આગામી દિવસોમાં સંસ્થા વધુ પ્રગતિ કરે અને તે માટે પરમકૃપાળુ પરમાત્મા શકિત પ્રદાન કરે એજ પ્રાર્થના અને સભાસદ પરિવારનો સુમેળભર્યો સહકાર મળવા બદલ તેમજ અમારા ઉપર મુકેલ વિશ્વાસ રાખી સંસ્થાનાં સંચાલમાં મદદરૂપ થયા છો જે બદલ ઋણસ્વીકાર કરી વિરમું છું.

**સમાવી વ આકૂતિઃ સમાના હૃદયાનિ વઃ**
**સમાનમસ્તુ વો મનઃ યથા વઃ સુસહાસતિ.**

**'' આપણાં વિચારો, નિશ્ચયો એકરૂપ થાઓ, આપણા હૃદયો એક પ્રકારના બનો, આપણાં મન સમાન બનો, આપણાં વિચાર, નિશ્ચય, હૃદય અને મન સત્યં, શિવં, સુંદરમ્ બને. ''**

**જય જવાન** **જય કિશાન.** **જય સહકાર**

**લિ.**
**આપનો સહકારી**
**સમીરભાઈ સી. ભકત**
**પ્રમુખ**



# શુભ દિપાવલી
## તથા
# નુતન વર્ષાભિનંદન



**સમીરભાઈ સી. ભકત**
**પ્રમુખશ્રી**

**રમેશકુમાર કે. વર્મા – મેનેજીંગ ડીરેકટરશ્રી**
**તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ.**

**કેતનભાઈ જે. પટેલ**
**ઉપ-પ્રમુખશ્રી**

# સંસ્થાની સ્થાપના કાળથી આજ સુધીના મુખ્ય કર્ણધારો

| અ. નં. | વર્ષ | પ્રમુખશ્રી | ઉપ-પ્રમુખશ્રી | મેનેજીંગ ડીરેક્ટરશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૬-૬૭ થી ૧૯૬૮-૬૯ | શ્રી ગોવિંદભાઈ નાથાભાઈ પટેલ (હરિપુરા) | શ્રી છગનભાઈ એમ. કેદારીયા (કૃપાવાડી) | શ્રી મગનભાઈ ભીખાભાઈ પટેલ (માનદ્‌મંત્રી) |
| ૨ | ૧૯૬૯-૭૦ | ” | ” | શ્રી જે.એમ. તન્ના (માનદ્‌મંત્રી) |
| ૩ | ૧૯૭૦-૭૧ | શ્રી ચુનીભાઈ રામજીભાઈ પટેલ (વાંકાનેર) | ” | ” |
| ૪ | ૧૯૭૧-૭૨ ૧૯૭૨-૭૩ થી | શ્રી ગોવિંદભાઈ નાથાભાઈ પટેલ (હરિપુરા) | શ્રી ધનજીભાઈ એમ. ભકત (ચાસવડ) | ” |
| ૫ | ૧૯૭૩-૭૪ | ” | શ્રી મગનભાઈ બી. પટેલ (દેગામા) | શ્રી એમ.બી. શેખ (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૬ | ૧૯૭૪-૭૫ | શ્રી મગનભાઈ ભીખાભાઈ પટેલ (દેગામા) | શ્રી ગોવિંદભાઈ એન. પટેલ (હરિપુરા) | ” |
| ૭ | ૧૯૭૫-૭૬ થી ૧૯૭૬-૭૭ | ” | ” | શ્રી જી. વી. શાહ (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૮ | ૧૯૭૭-૭૮ થી ૧૯૭૮-૭૯ | શ્રી ડાહ્યાભાઈ એમ. પટેલ (હરિપુરા) | શ્રી મગનભાઈ બી. ભકત (સ્યાદલા) | શ્રી મગનભાઈ પી. પટેલ(વ્યારા) (ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૯ | ૧૯૭૯-૮૦ | ” | શ્રી દિલીપભાઈ બી. ભકત (બાજીપુરા) | ” |
| ૧૦ | ૧૯૮૦-૮૧ | ” | ” | શ્રી મગનભાઈ પી. પટેલ(વ્યારા) (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૧ | ૧૯૮૧-૮૨ | ” | શ્રી ભગુભાઈ આર. પટેલ (ઈસરોલી) | શ્રી મગનભાઈ પી. પટેલ(વ્યારા) (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૨ | ૧૯૮૨-૮૩ થી ૧૯૮૬-૮૭ | શ્રી ડાહ્યાભાઈ એમ. પટેલ (હરિપુરા) | શ્રી ભગુભાઈ આર. પટેલ (ઈસરોલી) | શ્રી મગનભાઈ પી. પટેલ(વ્યારા) (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૩ | ૧૯૮૭-૮૮ | ” | શ્રી દિલીપભાઈ બી. ભકત (બાજીપુરા) | ” |
| ૧૪ | ૧૯૮૮-૮૯ થી ૧૯૯૪-૯૫ | શ્રી ડાહ્યાભાઈ એમ. પટેલ (હરિપુરા) | શ્રી દિલીપભાઈ બી. ભકત (બાજીપુરા) | શ્રી મગનભાઈ પી. પટેલ(વ્યારા) (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૫ | ૧૯૯૫-૯૬ | ” | ” | શ્રી એસ. આર. શાહ (પાલનપુર) (ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૬ | ૧૯૯૬-૯૭ થી ૧૯૯૭-૯૮ | ” | ” | શ્રી એસ. આર. શાહ (પાલનપુર) (ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૭ | ૧૯૯૮-૯૯ થી ૨૦૦૩-૦૪ | શ્રી દિલીપભાઈ ભી. ભકત (બાજીપુરા) | શ્રી ભગુભાઈ આર. પટેલ (ઈસરોલી) | ” |
| ૧૮ | ૨૦૦૪-૦૫ | ” | શ્રી સુરેશભાઈ જે. પટેલ (કડોદ) | શ્રી જી. બી. નાયડુ (આંધ્રપ્રદેશ) (ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૧૯ | ૨૦૦૫-૦૬ થી ૨૦૦૬-૦૭ | ” | ” | શ્રી જી. બી. નાયડુ (આંધ્રપ્રદેશ) (ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૨૦ | ૨૦૦૭-૦૮ થી ૨૦૧૪-૧૫ | ” | ” | શ્રી એમ.એલ. રાઠોડ (કોડીનાર) (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |
| ૨૧ | ૨૦૧૫-૧૬ | શ્રી સમીરભાઈ સી. ભકત (બાજીપુરા) | શ્રી કેતનભાઈ જે. પટેલ (કડોદ) | શ્રી રમેશકુમાર કે. વર્મા (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) |